ચોમાસું હજી ઘણું દૂર ત્યારે ડાંગમાં પાણીની તંગીને લીધે લોકોની મુશ્કેલીમાં વધારો

## ડાંગની ચારેય નદીઓ સુકી ભઠ્ઠ: પાણી માટે રઝળપાટ

**ડાંગ** જિલ્લામાં ચોમાસા દરમિયાન ગાંડીતૂર બનતી લોકમાતાઓ ઉનાળામાં પાણી વગરની બની જાય છે

**ગુજરાતનું** ચેરાપુંજી ગણાતા ડાંગમાં 100 ઈંચ વરસાદ બાદ પણ પાણીની કાયમ તંગી

સાપુતારાઃ ઉનાળાની શરૂઆત થતાં જ ડુંગરાળ પ્રદેશોમાં પીવાના પાણીની બૂમરાણ મચવા પામે છે. ડાંગ જિલ્લાને ગુજરાતનું ચેરાપુંજી કહેવામાં આવે છે પરંતુ અહી પણ ઉનાળાની કાળઝાળ ગરમીમાં પ્રાણીઓ અને માનવીઓએ પાણી વિના વલખાં મારવાની નોબત આવે છે. આ વર્ષે પણ હજી ઓપ્રિલ માસ ચાલી રહ્યો છે અને ચોમાસાને દોઢ માસ જેટલો સમય બાકી છે ત્યારે ડાંગ જિલ્લાની ચારેય લોકમાતાઓ સુકી ભઠ્ઠ થઈ જતા લોકો પાણિ માટે રઝળપાટ કરવા મજબૂર બન્યા છે. કુદરતની થપાટ સામે માનવી સાવ લાચાર ભાસી રહ્યો છે.

રાજ્યનાં છેવાડે આવેલા ડાંગ જિલ્લામાં વર્ષ દહાડે 100 ઈંચ જેટલો વરસાદ નોંધાય છે. પરંતુ કુદરતી ઋતુચક્રનાં પરિક્રમણ સામે કુદરતનું જ જળ સંશાધન લાચાર બની ગયુ છે. હાલમાં ગ્લોબલ વોર્મિંગનાં પગલે છેવાડેનાં ડાંગ જિલ્લામાં પણ વરસાદી આંકડામાં વધઘટ જોવા મળ્યો છે. ભરપૂર વન સંપદા હોવા છતાંય જિલ્લામાં વરસાદ ઘટતા ચિંતાનો વિષય બન્યો છે. ડાંગ જિલ્લામાં ચોમાસાની ઋતુ દરમિયાન લોકમાતાઓમાં અંબિકા, પૂર્ણા, ખાપરી અને ગીરા નદી અધધ પાણીનાં પ્રવાહ સાથે બન્ને કાંઠે થઈ ગાંડીતૂર બની વહેતી જોવા મળે છે. આ ચારેય નદીઓ તરફ નજર નાંખો તો સર્વત્ર પાણી પાણી જ જોવા મળે છે.

પરંતુ ઉનાળાની ઋતુમાં ડાંગની આ ચારેય નદીઓ ખુદ પાણી માટે વલખા મારતી હોય તેમ નજરે પડે છે. ડાંગ જિલ્લામાં ચાલુ વર્ષે અસહ્ય ગરમી પડી રહી છે. જેના પગલે નદી, ઝરણા, તળાવમાં પાણીનાં સ્ત્રોત ક્યાંક ઊંડા ઉતરી ગયા છે અથવા તો ક્યાંક સુકાઈ જતા જનજીવન સહિત પશુઓ સુકારો અનુભવી રહ્યા છે. ડાંગ જિલ્લાની અંબિકા, ખાપરી, પૂર્ણા, ગીરા અને ધોધડ નદીમાં હાલમાં અમુક ઠેકાણે પાણી સુકાઈ જવા પામતા આ નદીઓ બોડી બંજર દેખાઈ રહી છે. જ્યારે નદીઓમાં અમુક જગ્યાએ થોડાક અંશે પાણીનો સંગ્રહ જોવા મળી રહ્યો છે. જેને પગલે લોકોની જીવાદોરી સમાન નદીઓ જ હાલમાં પાણી માટે વલખા મારતી હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે.



### નદીના પાણી રોકવા માટે બનાવાયેલા ચેકડેમો શોભાના ગાંઠિયાસમાન

ડાંગ જિલ્લામાંથી પસાર થતી ચાર લોકમાતાઓ ગીરા, ખાપરી, પૂર્ણા અને અંબિકા નદી ઉપર તંત્ર દ્વારા લોકોની સુખાકારી માટે ચેકડેમ બનાવવવામાં આવ્યા છે. સરકારે લાખોનાં ખર્ચે આ ચેકડેમો બનાવ્યા છે. ચેકડેમમાં ચોમાસા દરમિયાન નદીઓમાં આવતા પાણીનો સંગ્રહ થાય અને તેનો ઉપયોગ લોકો ઉનાળા દરમિયાન કરી શકે તેવા ઉમદા હેતુથી રાજ્ય સરકારે ડાંગ જિલ્લામાં ઠેર ટેર નાના મોટા ચેકડેમ બનાવ્યા છે. પરંતુ ભ્રષ્ટ અધિકારીઓ અને લેભાગૂ કોન્ટ્રાકટરોને લીધે સરકારની સારી મહેચ્છા પર પાણી ફરી વળ્યું છે. ચેકડેમમાં હલકી કક્ષાનો સામાન વપરાતાં ડેમ બનાવ્યાનાં ટૂંક સમયમાં જ જર્જરિત બની જાય છે. મોટા ભાગનાં ડેમનાં દરવાજા તૂટેલી હાલતમાં જોવા મળે છે. કુદરતે ડાંગ જિલ્લાને ભરપૂર પાણી આપ્યું છે પરંતુ ભ્રષ્ટ તંત્રના પાપે લોકો સુવિધાથી વંચિત રહી જવા પામ્યા છે.

## નવસારીનો પ્રથમ રેલવે ઓવરબ્રિજ વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકાયો

**ચોમાસા** પૂર્વે રેલવે ઓવરબ્રિજ ખુલ્લો મૂકતાં પશ્ચિમ વિસ્તારના સ્થાનિકોમાં ખુશીની લહેર



નવસારી : ચોમાસા પૂર્વે નવસારી શહેરનો પ્રથમ રેલ્વે ઓવરબ્રિજ નવસારી જીલ્લા વહીવટી તંત્રએ પ્રજા માટે ખુલ્લો મૂકી દેતા શહેરીજનોમાં ખુશી જોવા મળી છે. જેમાં પણ ખાસ કરીને પશ્ચિમ વિસ્તારના સ્થાનિકોમાં વધુ ખુશી જોવા મળી છે.

નવસારી શહેરમાં રેલ્વે સ્ટેશનની પશ્ચિમ વિસ્તારમાં રહેતા લોકોને શહેરમાં આવવા માટે ઘણી તકલીફો પડી રહી હતી. નવસારી રેલ્વે ફાટક કલાકો સુધી બંધ રહેતું હોય છે. તો બીજી તરફ રેલ્વે ગરનાળું ચાલુ હોય છે. જેથી વાહન ચાલકો ગરનાળાનો ઉપયોગ કરતા હોય છે. પરંતુ ચોમાસા દરમિયાન ગરનાળામાં પાણી ભરાઈ જતું હોય છે. જેથી પશ્ચિમ વિસ્તારના લોકોએ નગરપાલિકામાં રજૂઆત કરી રેલ્વે ઓવરબ્રિજ બનાવવાની માંગ કરી હતી.વર્ષો બાદ પાલિકાએ તેમની રજૂઆતને ધ્યાને લઈ રેલવે ફાટક ઉપર કરોડો રૂપિયાના ખર્ચે ઓવરબ્રિજ બનાવવાનું કામ મંજૂર કર્યું હતું. જે ઓવરબ્રિજ બનાવવાનું કામ છેલ્લા 4 વર્ષથી ચાલી રહ્યું હતું. આજે નવસારી જીલ્લા વહીવટી તંત્રએ નવસારી રેલ્વે ઓવરબ્રિજનું કામ પૂર્ણ થતાં ખુલ્લો મૂકી દેતા વાહન ચાલકોએ અવરજવર શરૂ કરી દીધી છે.

ચોમાસા પૂર્વે જ ઓવરબ્રિજ ખુલ્લો મૂકી દેતા પશ્ચિમ વિસ્તારના સ્થાનીકોમાં ઘણી ખુશીનો માહોલ છે. કારણ કે આ ચોમાસામાં પશ્ચિમ વિસ્તારના લોકોએ ફાટક ખુલવાની રાહ જોયા વિના ટ્રાફિકમાં ફસાયા વિના થોડા સમયમાં જ સવા કિલોમીટરનો ઓવરબ્રિજનો ઉપયોગ કરી રેલ્વે ફાટક ક્રોસ કરી શકશે. જોકે હજી આ ઓવરબ્રિજ પર સ્ટ્રીટ લાઈટ લગાવવાનું કામ બાકી છે.

## ડાંગ જિલ્લામાં આગઝરતી ગરમી વચ્ચે તાપમાનમાં ઘટાડો થતાં લોકોને આંશિક રાહત મળી

**સુબીર** ખાતે 39 ડિગ્રી સેલ્સિયસ તાપમાન તથા વઘઈ ખાતે 38 ડિગ્રી સેલ્સિયસ તાપમાન તથા સાપુતારા ખાતે 33 ડિગ્રી નોંધાયું



સાપુતારાઃ ડાંગ જિલ્લામાં સતત તાપમાનના વધારો થવાને કારણે ગરમી વધતી જોવા મળી રહી છે. જોકે ગુરુવારે ગરમીમાં બે થી ત્રણ ડિગ્રી તાપમાનમાં ઘટાડો થતા ડાંગ જિલ્લા વાસીઓએ થોડા અંશે ગરમીથી રાહત મેળવી હતી.ડાંગ જિલ્લામાં સતત વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. તેમજ તાપમાનમાં વધારો થવાને કારણે ગરમી પણ વધી રહી છે. જોકે ગુરુવારે ડાંગ જિલ્લા વાસીઓને ગરમીથી થોડા અંશે રાહત મળી હતી. જેમાં આહવા,અને સુબીર ખાતે 39 ડિગ્રી સેલ્સિયસ તાપમાન તથા વઘઈ ખાતે 38 ડિગ્રી સેલ્સિયસ તાપમાન તથા સાપુતારા ખાતે 33 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતુ.જ્યારે સમગ્ર ડાંગ જિલ્લામાં આજરોજ મહત્તમ 39 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતુ.અને લઘુત્તમ 33 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતુ. આમ, ડાંગ જિલ્લાના વાતાવરણ માં એકાએક પલટો આવતા લોકોએ ગરમીથી રાહત મેળવી હતી.

ગરમીમાં ઘટાડો થતા પ્રવાસન સ્થળ સાપુતારા ખાતે ઠંડક પ્રસરી જવા પામી હતી.ગિરિમથક સાપુતારા સહિત શામગહાન ખાતે તાપમાનમાં ઘટાડો નોંધાતા ફરવા આવેલ પ્રવાસીઓએ થોડાક અંશે રાહત મેળવી હતી.

## બીલીમોરામાં વાહનચોર બેખૌફ: ચીખલી રોડ પરથી એક જ રાતમાં ત્રણ મોપેડની ચોરી

**આઈ**.ટી.આઈ.ની સામે આવેલા રેવા એપાર્ટમેન્ટમાંથી એક જ રાતમાં બે મોપેડ ચોરી ગયા

બીલીમોરાઃ બીલીમોરા-ચીખલી રોડ પર સામ સામે આવેલા બે એપાર્ટમેન્ટના પાર્કિંગમાંથી 1.80 લાખની કિંમતના ત્રણ મોપેડની ચોરી થતાં પોલીસ પેટ્રોલિંગ સામે સવાલો પેદા થયા છે.

પ્રથમ ગઈ તા.16/4/2024ની રાત્રે બીલીમોરા ચીખલી રોડ આઈ.ટી.આઈ. ની સામે આવેલા રેવા એપાર્ટમેન્ટમાં રહેતા શોભાબેન વિનોદભાઈ ધરાણિયાની એકટીવા ડીલક્સ મોડલ (જીજે-21 ડીબી-7241) એપાર્ટમેન્ટના પાર્કિંગમાં રાત્રે પાર્ક કરી હતી. બીજા દિવસે સવારે શોભાબેન નોકરીએ જવા માટે નીકળતી વખતે તેમની એકટીવા પાર્કિંગમાંથી ગાયબ હતી. આવી જ રીતે આજ રેવા એપાર્ટમેન્ટના 102, પેહલા માળે રહેતા શારદાબેન બાબુભાઈ ગરણિયાની પણ એકટીવા ડીલક્ષ મોડલ (જીજે-21 ડીબી-7415) પણ એપાર્ટમેન્ટના પાર્કિંગમાંથી ચોરાઈ ગઈ હતી. આમ એક જ રાત્રીના સમયે રેવા એપાર્ટમેન્ટના પાર્કિંગમાંથી બે મોપેડ ચોરાઈ જવા પામી હતી.

ત્રીજા બનાવમાં બીલીમોરા ચીખલી રોડ પર આવેલી વલ્લભ બાગ સોસાયટીમાં રહેતા તુલારામ હંસારામ પ્રજાપતિની સુઝુકી એક્સેસ મોપેડ (જીજે-21 ડીબી-5441) પણ કોઈક ચોર ચોરી કરી ગયો હતો. એક જ રાતમાં બીલીમોરામાં ત્રણ મોપેડ ચોરીના બનાવ કદાચ શહેરના ઈતિહાસમાં પ્રથમ વખત જ બનવા પામ્યો છે. પોલીસે રૂ.1.80 લાખના ચોરાયેલા ત્રણ મોપેડની ફરિયાદ નોંધી તપાસના ચક્રો તેજ કરી દીધા છે.

## કડોલી ગામે એકલવાયા જીવનથી કંટાળી વૃદ્ધે આપઘાત કર્યો

નવસારી : કડોલી ગામે વૃદ્ધે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યાનો બનાવ મરોલી પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ જલાલપોર તાલુકાના કડોલી ગામે કણબીવાડમાં નગીનભાઈ રણછોડજી પટેલ (ઉં.વ.88) એકલા રહેતા હતા. નગીનભાઈના પત્ની મરણ ગયા હતા. જેથી નગીનભાઈ એકલા રહેતા હતા. પરંતુ નગીનભાઈ એકલા રહેતા હોવાથી જિંદગીથી કંટાળી ગયા હતા. જેથી ગત 24મીએ સવારે નગીનભાઈએ તેમના ઘરમાં નાયલોનના દોરડા વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે મૃતકના પુત્ર ગીરીશભાઈએ મરોલી પોલીસ મથકે જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશનો કબ્જો લઈ પી.એમ. ની તજવીજ હાથ ધરી છે. જયારે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. ગોપાલભાઈને સોંપી છે.

## નવસારીમાં તાપમાન 36 ડિગ્રી નોંધાતા લોકોને આંશિક રાહત

**42** ડિગ્રીએ પહોંચેલું તાપમાન હવે નજીવા ઘટાડા સાથે 36 ડિગ્રીએ સ્થિર થતાં ગરમી ઘટી

નવસારી : થોડા દિવસો અગાઉ નવસારીમાં ગરમીનો પારો 40 ડિગ્રી વટાવી જતા નવસારી ભઠ્ઠીમાં શેકાઈ રહ્યું હતું. જોકે હાલમાં થોડા દિવસોથી ગરમીનો પારો વધ ઘટ થઈ રહ્યો છે. જોકે આજે ગરમીનો પારો નહિવત ડિગ્રી ગગડયો છે. જયારે લઘુત્તમ તાપમાન નહિવત ડિગ્રી વધ્યું છે.

નવસારીમાં ગત 17મીએ ગરમીનો પારો 42.4 ડિગ્રીએ પહોંચતા નવસારીમાં સિઝનનો સૌથી ગરમ દિવસ નોંધાયો હતો. જોકે તે પહેલા બે દિવસ પણ ગરમીનો પારો 40 ડિગ્રીને પાર પહોંચી જતા સતત ત્રણ દિવસ નવસારી ભઠ્ઠીમાં શેકાયું હતું. જોકે ત્યારબાદ ગરમીનો પારો 36 ડિગ્રીથી 38 ડિગ્રી આસપાસ નોંધાઈ રહ્યો હતો. છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો 36 ડિગ્રી આસપાસ નોંધાઈ રહ્યો છે. જોકે આજે ગરમીનો પારો નહિવત ડિગ્રી ગગડયો છે. પરંતુ લઘુત્તમ તાપમાન નહિવત ડિગ્રી વધ્યું પણ હતું.

નવસારીમાં ગુરુવારે ગરમીનો પારો 0.4 ડિગ્રી ગગડીને 36 ડિગ્રી નોંધાયું છે. જયારે લઘુત્તમ તાપમાન 0.4 ડિગ્રી વધીને 24 ડિગ્રી નોંધાયું છે. આજે સવારે વાતાવરણમાં 90 ટકા ભેજ જણાયો હતો. જે બપોરબાદ ઘટીને 55 ટકા રહ્યો હતો. જોકે દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ દિશાએથી 2.5 કિ.મી. ની ઝડપે પવનો ફૂંકાયા હતા.

## આહવામાં પ્લોટની ફાળવણી મુદ્દે સ્થાનિકોની ચૂંટણી બહિષ્કારની ચીમકી

**લોકોને** અવરજવર અને પ્રસંગો માટે અતિ ઉપયોગી પ્લોટ અન્યને ફાળવી દેતાં લોકોમાં ભારે રોષ

સાપુતારાઃ આહવાના મિશનપાડા (હનુમાન મંદિરની પાછળ) જાહેર રસ્તા પર પ્લોટની ફાળવણી કરવામાં આવતા સ્થાનિકોએ જિલ્લા કલેકટરને સંબોધતું આવેદન પત્ર પાઠવ્યું હતુ. જોકે હજુ સુધી તે પ્રશ્નનું નિરાકરણ નહીં આવતા સ્થાનિકોએ ચૂંટણી બહિષ્કાર કરવા અંગે જિલ્લા કલેકટરને લેખિતમાં જાણ કરી છે.

આ જમીન ઈશ્વરભાઈ લાલજીભાઈ પરમાર (રહે.,ભરૂચ)ને રહેણાંક હેતુથી ફાળવી દેવામાં આવી છે અને ઈશ્વર પરમાર નામનો વ્યક્તિ આ પ્લોટ વેચીને તેનો કોમર્શિયલ ઉપયોગ કરવા પ્રયાસ કરે છે તેવું પ્રતિત થઈ રહ્યું છે. જો આ જમીન-પ્લોટ રહેણાંક કે કોમર્શિયલ ઉપયોગમાં લેવાય તો સ્થાનિકો માટે અવરજવર કરવાનું મુશ્કેલ બને તેમ છે. તેથી સ્થાનિકોએ તા.05/01/2024નાં રોજ કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું હતું. જોકે આટલા દિવસ વિતી ગયા હોવા છતાં પણ આ અંગે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી. ત્યારે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જેને લઈને સ્થાનિકોએ ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે.

## સાપુતારા ઘાટ માર્ગમાં ચાલકે કાબૂ ગુમાવતાં ટ્રક પલટી

સાપુતારાઃ નાસિક તરફથી સામાન ભરી મહેસાણા તરફ જઈ રહેલી ટ્રક (નં. જીજે-02 એટી-1965) સાપુતારાથી શામગહાન વચ્ચે ઘાટમાર્ગમાં ચાલકે સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવતા પલટી મારી ગઈ હતી. અકસ્માતમાં ટ્રક સહિત માલસામાનને ભારે નુકસાન થયુ હતુ. જ્યારે ચાલક અને ક્લીનરને નજીવી ઈજાઓ પહોંચી હતી.

## બલવાડા ચેકપોસ્ટ પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ, બેની ધરપકડ

**પોલીસે** 2.72 લાખનો મુદ્દામાલ કબજે કરી મનોરના સમુદ્ર વાઈન શોપથી દારૂ મોકલનારને વોન્ટેડ જાહેર કર્યો

ઘેજ: ચીખલી પોલીસે બલવાડા સ્થિત ચેકપોસ્ટ પાસેથી ઈકો કારમાં લઈ જવાતો રૂ.૬૩,૬૦૦ના વિદેશી દારૂના જથ્થા સાથે બે આરોપીની ધરપકડ કરી રૂ.૨.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કરી અન્ય એકને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.મુંબઈ-સુરત નેશનલ હાઈવે પર વલસાડ જિલ્લાની હદે બલવાડામાં ઉભી કરાયેલી હંગામી ચેક પોસ્ટ પાસે દારૂ ભરેલી કાર મળી કુલ રૂ.૨.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કરી મનન ભુપતભાઈ ધાપા (રહે., ભાવનગર), અનિલ દિનેશ ટેભાણી (રહે., કરચેલિયા પરા, ભાવનગર) ને ઝડપી પાડી મનોરના સમુદ્ર વાઈન શોપમાંથી દારૂ ભરાવી આપનારને વોન્ટેડ જાહેર કર્યો હતો.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**President Pest Control**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ, રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**કબૂતર જાળી**
મચ્છર જાળી માટે સંપર્ક કરો Vip રોડ સુરત અંકિત પટેલ 9519949719, 8960367286

**ઘરબેઠા TV, LED, LCD**
રીપેરીંગ દરેક વિસ્તારમાં દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700 (127)

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ, ઈલેક્ટ્રોનિક, મોબાઈલ, રીમોટ, વિનોદ રેડિયો લાલદરવાજા, 9328436184 (132)

**હિંચકાના કડાં, તોડફોડ**
કર્યા વગર અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ મુન્નાભાઈ કડાંવાલાઃ 9904467405 (119)

**પતરાના શેડ ડોમ**
બનાવવા માટે તથા ગુડ્સ લિફટના દરેક પ્રકારના કામ માટે. 9979989971

**તમારા વડીલ માટે**
એક ઉત્તમ ઘર જ્યાં મળશે તેમને દરેક પ્રકારની ફેસીલીટી એક રૂમમાં ફક્ત 3 લોકો, એટેચ (બાથરૂમ-ટોઈલેટ) ACની સુવિધા મળશે, તો આજે લ્યો મેઘસાગર વૃદ્ધાશ્રમની મુલાકાત, 9727960362, 9601160362 (150)

**મિલ્કત વેચવાની છે**

**વેસુ વિસ્તારમાં**
4BHK ફ્લેટ વેચવાનો છે. 9825481404 (129)

**વેચવાનું છે**
સુરત શહેરના પોશ વિસ્તાર નાનપુરામાં જૂની કોર્ટ પાસે સારી ભાડા આવક ધરાવતું મોટું ગોડાઉન. મો. 9824112868 (146)

**ફ્લેટસ વેચવાના છે**
સુંદર અને સરસ 3 BHK સુરત શહેરના પોશ વિસ્તાર નાનપુરામાં જૂની કોર્ટ પાસે મો. 9824112868 (147)

**Sale 2 BHK,**
3 બાથરૂમ, 2 બાલ્કની, ફુલ ફર્નિશ્ડ, વીથ ઈલેક્ટ્રોનીક, 3 AC, સોમેશ્વર ચાર રસ્તા, વેસુ ફોન-7284004318 (155)

**મિલ્કત ભાડે -વેચાણ**

**ગોડાઉન વેચવાનું છે**
ઓફિસ ભાડે આપવાની છે. પ્રાઈમ ચેમ્બર્સ, નાનપુરા ખારવાવાડ 8238682686

**દુકાન વેચાણ/ભાડેથી**
આપવાની છે. ગ્રાઉન્ડ ફ્લોર (G-34 - 35 & 36) એટલાન્ટા શોપીંગ મોલ, અલથાણ, સુરત, 8141752814, 9104890631 (112)

**વાહન લે-વેચ**

**આઈસર ટેમ્પો**
Pro 1055 CFSD 2020-2021 વેચવાનો છે Jayeshbhai 9825147123 7802010101 (143)

**નોકરી વિષયક**

**પરચુરણ કામ માટે**
માણસ જોઈએ, આકર્ષક પગાર, મીલન ગ્લાસ, ચૌટાપુલ નીચે, 9825188904 (111)

**જોઈએ છે**
સવારપાળી તથા બપોરપાળી ગુજરાતી માધ્યમમાં બાલભવનથી ધોરણ 12 સુધી ભણાવી શકે તેવા BABed, MABed, MCOM Bed, BCA, MCA, ATD લાયકાત ધરાવનાર ઉત્સુક ઉમેદવારોએ સ્વખર્ચે અરજી પાસપોર્ટ સાઈઝ ફોટા, અસલ પ્રમાણપત્ર સાથે રૂબરૂ હાજર રહેવું, સ્થળ- શ્રી ભગવતી વિદ્યાલય, A/5- પારસ સોસાયટી, કતારગામ રોડ, સુરત (149)

**ફાર્મ હાઉસ વેચવાનું છે**
કુદરતી સૌંદર્યમાં નદી કિનારે, આંબાનાં ઝાડો સાથેનું રેડી પઝેશનમાં
9099654868

**ડિલિવરી માટે મારૂતિ**
વેન ડ્રાઈવર, પગાર 13000, સમય 9:30 થી 6:30 સુરતના લોકલ કોન્ટેકટ કરો. 7984564113

**જોઈએ છે**
અઠવાગેટ વિસ્તારમાં આવી શકે તેવા રસોઈવાળા બહેન મો.9265609650 (145)

**અડાજણ ચોકસી વાડી પાસે**
ગોડાઉન + 3 માળ (3 BHK), વાળી નવી મિલ્કત વેચવાની છે.
9825608400
9825108300

**જાણીતા જ્વેલર્સને**
નવા શોરૂમ વેસુબ્રાંચ માટે જોઈએ છે સેલ્સમેન/ગર્લ (સ્માર્ટ/પ્લેઝન્ટ પર્સનાલિટી) ફ્લોર મેનેજર (લીડરશીપ/ મોટીવેશનલ ક્વોલીટી) ગ્રાફિક ડિઝાઈનર (કોરલ ડ્રો, ફોટોશોપના અનુભવી) કોમ્પ્યુટર ઓપરેટર (ડેટાએન્ટ્રી માટે) રિસેપ્શનીસ્ટ (સ્માર્ટ) આકર્ષક પગાર અનુભવ અને લાયકાત મુજબ. તા. ૨૬,૨૭ અને ૨૮ એપ્રિલના રોજ બાયોડેટા સાથે ૧૧ થી ૫માં રૂબરૂ મળો. ફોટો અને રીઝ્યુમ વોટ્સએપ / ઈમેઈલ કરો . 7046008301 Email: dipakchokshi11@gmail. com ડી. ખુશાલભાઈ જ્વેલર્સ, શ્રીખાટુ શ્યામજીમંદિર નજીક, શ્યામપ્લાઝા, વીઆઈપી રોડ, વેસુ, સુરત. (160)

**જોઈએ છે**
ફિઝિયોથેરાપી કિલનીક માટે લેડીસ સ્ટાફ અને ફિઝિયોથેરાપિસ્ટ સંપર્ક કરો. 9824179929, 9586674451

**જોઈએ છે**
10 વર્ષનો અનુભવી ડ્રાઈવર મળો. પગાર- 15000/- સેલેસ્ટીયલ ડ્રીમ, D-1002, જી. ડી. ગોયન્કા સ્કુલની સામે કેનાલ રોડ, સુરત.9825121705 (157)

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**માફૂપા 7 જુન**
અષ્ટવિનાયક, પાંચ જ્યોતિલીંગ, કોલાપુર, મહાલક્ષ્મી તિરૂપતિ, પંઢરપુર, તુરજાપુર, 9426741783 (153)

**ચાર ધામ યાત્રા 8 મે**
14 દિવસ ચોક્કસ ઉપડશે, બદ્રીકેદાર, ગંગોત્રી યમનોત્રી હરિદ્વાર, ઋષિકેશ, રહેવા જમવા+ ટ્રેનટિકિટ સાથે ઓનેસ્ટ હોલી ડે જ્યેશભાઈ 9426864486. (154)

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
રેલ્વે 2 x 2 દ્વારા, ચારધામ બદ્રીનાથ, કેદારનાથ, સાથે હરિદ્વાર તા. 9/5 21/5, 8/6/2024, 5/9, 20/9 અને 6/10/2024 દિવસ-14-15, દક્ષિણ ભારત, તિરૂપતિ, રામેશ્વર, કન્યાકુમારી, તા.3/7 અને 21/7 દિ-7/8, દક્ષિણ ભારત, બેંગ્લોર, માયસોર, ઉટી સાથે કન્યાકુમારી, મદુરાઈ, તિરૂપતિ, તા.15/9 અને 2/10, રોયલ કાશ્મીર, તા. 15/9 દિ. 10-11 અને 3/11, બુકિંગ ચાલુ છે, સંપૂર્ણ સગવડતા સહિત મળો- દીપકભાઈ બોડીવાલા 9825144143, મુકેશભાઈ કાપડીયા- 9428993000 ન્યુ રાંદેર રોડ, સુરત (108)

**રણજીતભાઈ 9427113317**
(એસી) સ્લીપીંગમાં છ જ્યોતિલીંગ, શ્રીસેલમ- હૈદરાબાદ (જુનમાં) હોટલમાં (113)

**ક્ષેત્રપાલ ટૂર્સ.**
(ચારધામ, બદ્રીકેદાર 25-05)(સ્પે. કાશ્મીર 20- 05) (અમરનાથ યાત્રા 15- 07) (નેપાળ, કાઠમંડુ, પોખરા, અયોધ્યા, વારાણસી 13-05) (બેંગ્લોર, મૈસૂર, ઉટી, મદુરાઈ, કુર્ગ, વાયનાડ, રામેશ્વરમ, તિરુપતિ 11-06)(કોલકાતા, ગંગાસાગર, જગન્નાથપુરી 06-06, 20-06) 9825105053. (158)

**ઓમસાંઈ ટ્રાવેલ્સ**
AC સ્લીપર (નેપાળ, જગન્નાથપુરી, ગંગાસાગર, કામાખ્યા, અયોધ્યા, છપૈયા, બનારસ 24 દિવસ 12-05) (હરિદ્વાર, ગોકુળ, મથુરા, અયોધ્યા, છપૈયા, બનારસ, ઉજ્જૈન 15 દિવસ 12-05) 7878674257 (159)

**વ્યવસાયીક જ્યોતિષ**

**નર્મદા કિનારે**
કાલસર્પ પિત્રુદોષ નિવારણ અમાવસે, જન્મ પત્રિકા માર્ગદર્શન તુલસી મહારાજ શક્તિવિર હનુમાન મંદિર, સીટીલાઈટ રોડ, સુરત. 9825294833

**મિલ્કત ભાડેથી**

**દેવકા (દમણ)માં**
પાર્ટી પ્લોટ (સ્વિમિંગ પુલ, ડીજે, રેઈન ડાન્સ, કરાઓકે) ભાડેથી મળશે, 50 થી 100 વ્યક્તિઓ માટે. રાસબેરી બ્રિઝ, હોટેલ, હોટેલ જઝીરા સામે, ફોન. 7069994040

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*